## બેંકમાં કાગળની ગડ્ડી બતાવી લોકો સાથે છેતરપીંડી કરતી ટોળકીને પકડી પાડતી ઉમરા પોલીસ

સુરત શહેરના ઉમરા પો.સ્ટે. વિસ્તારમાં મિલકત સબંધી અપડત ગુનાઓ શોધી કાઢવા ઉમરા પો.સ્ટે. વિસ્તારમાં પોલીસ માણસો પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન પો.કો.અમીતભાઈ ભુપતભાઈ  તથા પો.કો ઈશ્વરદાન બાવભાઈ   નાઓને મળેલ બાતમી આધારે અઠવાગેટ  ખાતેથી આરોપી (૧) ઉદયભાન મુન્નીલાલ કેવટ રહે-રેલ્વે ગોડાઉન રેલ્વે ટ્રેક પાસે વલસાડ. મુળ (યુ.પી) (૨) અરૂણ ઓમકાર તિવારી રહે-પ્લોટ નં.૭૩, બજરંગ નગર મીલીનીયમ પાર્ક પાસે, ડીંડોલી, સુરત મુળ રહે (યુ.પી) (૩) અજય જ્ઞાનચંદભાઈ તિવારી રહે-૨૦૯, રૂષીકેશ એપા., મોગલવાડી વલસાડ, સુરત નાને રોકડા રૂ. ૪૫,000/- તથા એક બ્રેજા ગાડી GJ-05-JS-6209  પકડી પાડી, અટક કરી, ઉમરા પો.સ્ટે.  । ગુ.ર.નં.૮૨/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

**આરોપીઓની એમ.ઓ.** સદર આરોપીઓ બેંકમાં ખાતામાં રૂપિયા જમાં  કરાવવા આવતા ગ્રાહકોને પોતાની પાસે વધારે પૈસા છે અને આરોપીઓ બેંકમાં ખાતુ નથી તેમ કહી ગ્રાહક ના ખાતામાં પૈસા જમા કરવાનું કહી અડધા પૈસા આપવાની લાલચ આપી એક કાગળની ગડ્ડી પકડાવી દઈ ગ્રાહક પાસે રહેલ પૈસા છેતરપીંડીથી કઢાવી લેતા હોવાની કબુલાત કરેલ.